Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 3
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 90
Roll No. : ____________

---

1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 18)

1. હડપ્પીય સભ્યતાનું કૃષિક્રાંતિનું મથક કયું નગર હતું?
   A. લોથલ B. મોહેં-જો -દડો C. કાલિબંગન D. ધોળાવીરા
2. ઋગ્વેદમાં કેટલાં મંડળો છે ?
   A. 12 B. 15 C. 10 D. 4
3. સિંધુખીણ સભ્યતાના અવશેષો સૌપ્રથમ કયા સ્થળેથી મળી આવ્યા ?
   A. હડપ્પા B. લોથલ C. મોહેં-જો -દડો D. કાલિબંગન
4. મનુષ્યની રહેણીકરણી સાથે કઈ બાબત સંકળાયેલી છે ?
   A. સભ્યતા B. સંસ્કૃતિ C. આહાર D. આપેલ પૈકી એક પણ નહિ
5. સિંધુખીણની સભ્યતાના અવશેષો સૌપ્રથમ કયા નગરમાંથી મળ્યા હતા?
   A. હડપ્પામાંથી B. મોહેં-જો-દડોમાંથી C. કાલિબંગનમાંથી D. લોથલમાંથી
6. નીચેનામાંથી કયું સ્થળ હડપ્પીય સભ્યતાનું નથી ?
   A. મોહેં-જો-દડો B. કાલિબંગન C. રાખીગઢી D. અજમેર
7. હડપ્પીય સભ્યતાની સૌથી મોટી લાક્ષણિકતા કઈ હતી ?
   A. આયોજનબદ્ધ નગરરચના
   B. આયોજનબદ્ધ સિંચાઈ યોજના
   C. વાણિજ્ય-વ્યવસ્થા
   D. આયોજનબદ્ધ ગ્રામ્યરચના
8. સિંધુખીણ સભ્યતાની નગરરચનામાં કિલ્લો કઈ દિશામાં રહેતો ?
   A. પૂર્વમાં B. પશ્ચિમમાં C. ઉત્તરમાં D. દક્ષિણમાં
9. સિંધુખીણ સભ્યતાની નગરરચનામાં સામાન્ય પ્રજાની વસાહત કઈ દિશામાં હતી ?
   A. પૂર્વમાં B. પશ્ચિમમાં C. ઉત્તરમાં D. દક્ષિણમાં
10. પૂર અને ભેજથી બચવા હડપ્પા સભ્યતાનાં મકાનો કઈ જગ્યાએ બાંધવામાં આવતાં ?
    A. પર્વત ઉપર B. નદીથી દુર C. ઊંચા ઓટલા પર D. પગથિયાં પર
11. હડપ્પીય સભ્યતાની નગરરચનામાં વપરાશના પાણીના નિકાલ માટે શી વ્યવસ્થા હતી ?
    A. ગટરયોજનાની B. શોષ કૂવાની C. સિંચાઈ યોજનાની D. કોઈ વ્યવસ્થા ન હતી
12. હડપ્પીય સભ્યતાની ગટરયોજના માટે નીચેનામાંથી કયું વિધાનું યોગ્ય નથી ?
    A. દરેક મકાનનું પાણી નાની ગટરમાં જતું.
    B. નાની ગટરમાંથી પાણી મોટી ગટરમાં જતું.
    C. ગટરના પાણીથી સિંચાઈ કરવામાં આવતી.
    D. મોટી ગટરમાંથી પાણી નગરની બહાર જતું.
13. હડપ્પા પાકિસ્તાનમાં કયા જિલ્લામાં આવેલું છે?
    A. લારાખાના B. મોંટગોમરી C. કરાંચી D. પેશાવર
14. સિંધુખીણની સભ્યતાનું મુખ્ય નગર કોને ગણવામાં આવે છે ?
    A. લોથલને B. કાલિબંગનને C. ધોળાવીરાને D. હડપ્પાને
15. હડપ્પીય સભ્યતાની મુખ્ય વિશેષતા કઈ હતી ?
    A. ચિત્રકલા B. વેપાર-વાણિજ્ય C. અન્નભંડારો D. મેળા-ઉત્સવ
16. હડપ્પા સભ્યતાના અનૂભંડારો કઈ નદીના કિનારે મળી આવ્યા છે ?
    A. રાવી B. ઝેલમ C. ચિનાબ D. બિયાસ

BHAVDIP VADHER

17. રાવી નદીના કિનારેથી હડપ્પીય સભ્યતાના કેટલા અન્ન ભંડારો મળી આવ્યા છે ?
A. 10 B. 12 C. 15 D. 20
18. લોથલ કઈ નદીના કિનારે આવેલ છે ?
A. સાબરમતી B. ભાદર C. ભોગાવો D. વાત્રક
19. લોથલમાં ઈંટોના બનેલા માળખાને શું કહેવામાં આવે છે ?
A. ધક્કો (Dock Yard) B. ચબુતરો C. ટીંબો D. સ્નાનાગાર
20. હડપ્પીય સભ્યતાનો આંતરરાષ્ટ્રીય વેપાર કયા બંદર મારફતે થતો ?
A. કરાંચી B. કાલિબંગન C. મેહરગઢ D. લોથલ
21. ધોળાવીરા કચ્છના કયા વિસ્તારમાં આવેલ પુરાતત્ત્વીય સ્થળ છે?
A. વાગડ B. ખાવડા C. બન્ની D. ખદીરબેટ
22. કચ્છ જિલ્લામાં હડપ્પીય સભ્યતાનું કયું સ્થળ આવેલ છે ?'
A. રંગપુર B. ધોળાવીરા C. લોથલ D. લાખાબાવળ
23. હડપ્પીય સભ્યતાનું સ્થળ કાલિબંગન ભારતના કયા રાજ્યમાં આવેલું છે?
A. રાજસ્થાન B. ગુજરાત C. પંજાબ D. ઉત્તર પ્રદેશ
24. સિંધુખીણ સભ્યતાના લોકોનો મુખ્ય વ્યવસાય કયો હતો ?
A. ધાતુકામ B. માટીકામ C. હુન્નર ઉદ્યોગ D. ખેતી અને પશુપાલન
25. સિંધુખીણ સભ્યતાના લોકોએ બાળકોના આનંદ-પ્રમોદ માટે શું બનાવ્યું હતું?
A. મેદાનો B. પોશાકો C. રમકડાં D. બાળઉદ્યાનો
26. સિંધુખીણ સભ્યતાના કયા સ્થળેથી અગ્નિપૂજાના અવશેષો પ્રાપ્ત થયા છે ?
A. ધોળાવીરા B. હડપ્પા C. મોહેં-જો-દડો D. કાલિબંગન
27. ભરૂચ જિલ્લામાં કિમનદીના ક્યા સ્થળેથી હડપ્પીય સભ્યતાના અવશેષો મળી આવેલ છે ?
A. ભાગાતળાવ B. લાખાબાવળ C. આમરા D. દેશલપર
28. આપણો પ્રાચીનતમ ગ્રંથ કયો છે?
A. ઋગ્વેદ B. યજુર્વેદ C. સામવેદ D. અથર્વવેદ
29. ઋગ્વેદકાલીન સમયમાં રાજાનું મુખ્ય કાર્ય શું હતું?
A. રાજ્યકારભાર B. શિકાર C. ગવેષ્ણા D. મનોરંજન
30. ઋગ્વેદની ઋચાઓની રચના કરનાર વિદૂષીઓમાં કોનો સમાવેશ થતો નથી ?
A. અપાલા B. સાવિત્રી C. લોપામુદ્રા D. ઘોષા
31. મોહેં-જો-દડો નગર કઈ નદીના વિસ્તારમાં વિસ્તરેલું હતું?
A. ગંગા B. સિંધુ C. નર્મદા D. બ્રહ્મપુત્ર
32. હડપ્પીય સભ્યતા આજથી આશરે કેટલાં વર્ષ પુરાતન હશે ?
A. 3000 B. 5200 C. 2500 D. 4500
33. હડપ્પીય સભ્યતામાંથી મળી આવેલાં નગરો પૈકી કયા નગરનું આયોજન આદર્શ હતું?
A. ધોળાવીરાનું B. હડપ્પાનું C. લોથલનું D. મોહેં-જો-દડોનું
34. વસ્ત્રપરિધાન કરેલ પથ્થરની મૂર્તિના આધારે હડપ્પીય સભ્યતાની કઈ બાબતની જાણકારી મળે છે?
A. લોકોના વ્યવસાયની B. લોકોના પશુપાલનની C. લોકોના પોશાકની D. લોકોનાં આભૂષણોની
35. હડપ્પીય સભ્યતામાં કઈ કલા ખૂબ જ વિકાસ પામી હતી ?
A. સંગીત અને નાટ્યકલા
B. ધાતુનાં વાસણો બનાવવાની કલા
C. લાકડાની વસ્તુઓ બનાવવાની કલા
D. માટીનાં વાસણો બનાવવાની કલા
36. કયા વેદનાં 10 મંડળોમાં 1028 પ્રાર્થનાઓનો સંગ્રહ છે?
A. ઋગ્વેદનાં B. સામવેદનાં C. યજુર્વેદનાં D. અથર્વવેદનાં

BHAVDIP VADHER

37. કબિલાઈ સમુદાયના લોકોને કોના માટે યુદ્ધ કરવું સામાન્ય બાબત હતી ?
A. ઘાસના મેદાન માટે B. ખેતી માટે C. રહેઠાણ માટે D. પશુઓ માટે

**2 ખાલી જગ્યા પૂરો** **(Marks - 12)**

38. કાલિબંગન હાલ .............. રાજ્યમાં આવેલ છે.
39. હડપ્પીય સભ્યતામાં મળી આવેલ સ્નાનાગૃહ ......... નગરમાં આવેલ છે.
40. ધોળાવીરા ............ જિલ્લામાં મળી આવેલ પુરાતત્ત્વીય સ્થળ છે.
41. સિંધુખીણ સભ્યતાના શાસકો .............'માં રહેતા હતા.
42. સિંધુખીણ સભ્યતાની નગરરચનામાં રસ્તાઓ એકબીજાને ................કાપતા.
43. સિંધુ ખીણ સભ્યતાનાં નગરોમાં જાહેર રસ્તાઓ પર ...........ની વ્યવસ્થા હતી.
44. હડપ્પાકાલીન સભ્યતાના લોકોના વપરાશના પાણીના નિકાલ માટેની ............વ્યવસ્થા અત્યંત વિકસિત અને પદ્ધતિસરની વ્યવસ્થા હતી.
45. મોહેં-જો-દડોના ...........માં ઊતરવા માટે બંને બાજુએ પગથિયાંની વ્યવસ્થા હતી.
46. મોહેં-જો -દડોમાંથી મળી આવેલ સ્તંભવાળા મકાનને .............ની ઓળખ આપવામાં આવી છે.
47. લોથલ અમદાવાદ જિલ્લાના .............તાલુકામાં આવેલું છે.
48. લોથલ પ્રાચીન સમયનું એક સમૃદ્ધ .........હતું.
49. લોથલમાંથી ..........બનાવવાની ફેક્ટરી મળી આવેલ છે.
50. ધોળાવીરા નગરની મુખ્ય વિશેષતા ..........ના પાણીના સંગ્રહની વ્યવસ્થા છે.
51. કાલિબંગનમાં .............. નાં ઓજારોનું નિર્માણ થતું હતું.
52. સિંધુખીણ સભ્યતાનું ...............માં ઇજનેરોની બુદ્ધિમત્તા અને કારીગરોની કલાશક્તિનું અદ્ભુત પ્રતિબિંબ પડે છે.
53. ધોળાવીરા કચ્છ જિલ્લામાં ..............તાલુકામાં આવેલું છે.
54. ધોળાવીરા કચ્છ જિલ્લામાં ..............તાલુકામાં આવેલું છે.
55. હડપ્પીય સભ્યતાના મળેલા અવશેષોમાંથી .........ની મૂર્તિને ઇતિહાસકારો ધરતીમાતાનું પ્રતીક ગણે છે.
56. સુરેન્દ્રનગર જિલ્લામાં ............નામનું હડપ્પીય સભ્યતાનું સ્થળ મળી આવેલ છે.
57. રોઝડી (શ્રીનાથગઢ) હડપ્પીય સભ્યતાનું સ્થળ ..........જિલ્લામાં આવેલું છે.
58. ઋગ્વેદનાં 10 મંડળોમાં 1028 પ્રાર્થનાઓ છે, જેને ..........કહે છે.
59. ઋગ્વેદ .............ભાષામાં લખાયેલ છે.
60. ઋગ્વેદમાં .............નદીના કિનારે દસ રાજાઓ વચ્ચે થયેલા યુદ્ધનો ઉલ્લેખ છે.
61. ઋગ્વેદ સવારની દેવી ........અને સાંજની દેવી......... નો ઉલ્લેખ જોવા મળે છે.
62. ઋગ્વેદ અન્ય પશુઓની સરખામણીમાં .........નો સૌથી વધુ ઉલ્લેખ છે.

**3 નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 9)**

63. હડપ્પીય સભ્યતા મિસર સભ્યતાની સમકાલીન માનવામાં આવે છે.
64. ધોળાવીરામાં વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા હતી.
65. ધોળાવીરાની નગરરચના બે ભાગમાં વહેંચાયેલ છે.
66. વેદ મુખ્યત્વે સાત છે.
67. હડપ્પીય સભ્યતાનાં નગરોની રચના અસમાન જોવા મળે છે.
68. હડપ્પીય સભ્યતાને આપણે રોમની સભ્યતા તરીકે પણ ઓળખીએ છીએ.
69. હડપ્પીય સભ્યતાની મુખ્ય વિશેષતા તેની આયોજનબદ્ધ મકાનવ્યવસ્થા હતી.
70. હડપ્પીય સભ્યતાનાં મકાનો એક અને બે માળનાં હતાં.
71. હડપ્પીય સભ્યતાનું સમગ્ર નગર ચોરસ કે લંબચોરસ વિભાગોમાં વહેંચાયેલું હતું.
72. હડપ્પા સભ્યતામાં વપરાશના પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા ન હતી.

BHAVDIP VADHER

73. કાલિબંગનમાં એક જાહેર સ્નાનાગાર મળી આવ્યું છે.
74. સિંધુ સભ્યતાના લોકોનાં આભૂષણો સોના, ચાંદી અને કિંમતી પથ્થરોમાંથી બનાવવામાં આવતાં.
75. સિંધુખીણ સભ્યતાના લોકોએ પોતાનાં બાળકો માટે રમકડાં બનાવ્યાં હતાં.
76. હડપ્પીય સભ્યતાના ધર્મજીવન વિશેની માહિતી તે સમયમાં લખાયેલ પુસ્તકોના આધારે મળે છે,
77. સિંધુખીણ સભ્યતા સમયની લિપિ સુવાચ્ય છે.
78. ઋગ્વેદના માધ્યમથી આર્યોના રાજકીય, સામાજિક અને ધાર્મિક જીવનનો પરિચય મળે છે.
79. ઋગ્વેદમાં પ્રકૃતિની પૂજાના ઉલ્લેખો જોવા મળતા નથી.
80. ઋગ્વેદકાલીન અર્થવ્યવસ્થાના પ્રારંભિક ચરણમાં કૃષિ મુખ્ય હતી.

**4 જોડકા જોડો** **(Marks - 6)**

81. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ભાગાતળાવ | (1) પંજાબ (પાકિસ્તાન) |
| 2. | હડપ્પા | (2) રાજસ્થાન |
| 3. | કાલિબંગન | (3) કચ્છ |
| 4. | ધોળાવીરા | (4) કિમનદી. |

82. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ધોળાવીરા | (1) હડપ્પીય સભ્યતાનું કૃષિમથક |
| 2. | લોથલ | ( 2 ) સ્નાનાગાર |
| 3. | કાલિબંગન | (3) સિંધુખીણ સભ્યતાનું વેપારી |
| 4. | મોહેં-જો-દડો બંદર | ( 4) વરસાદી પાણીનું સંગ્રહસ્થાન |

83. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | સુવ્યવસ્થિત નગરયોજન | 1) કૃષિક્ષેત્રે ઉપયોગ |
| 2. | ધૂઘરા અને બળદગાડું | ( 2 ) ઇજનેરોની બુદ્ધિમત્તા |
| 3. | તાંબાના ઓજારોનું નિર્માણ | (3) સુતરાઉ કાપડનો વેપાર |
| 4. | માતૃકાદેવીની મૂર્તિ | (4) હડપ્પીય સભ્યતાનાં રમકડાં |

**5 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 22)**

84. વિશ્વની મહાન સભ્યતાઓનાં દર્શન કયા કયા દેશમાં થાય છે?
85. હડપ્પીય સભ્યતામાં ક્યાં ક્યાં સ્થળોનો સમાવેશ થાય છે?
86. હડપ્પીય સભ્યતાના નગરમાં પ્રજાની વસાહત કઈ બાજુએ હતી?
87. હડપ્પીય સભ્યતાના શાસકો ક્યાં રહેતા હતા?
88. હડપ્પીય સભ્યતામાં મકાનો ક્યાં બાંધવામાં આવતાં ? શા માટે?
89. હડપ્પીય સભ્યતાનાં મકાનોની એક વિશેષતા જણાવો.
90. હડપ્પીય સભ્યતામાં શેરીઓનું આયોજન કેવી રીતે કરવામાં આવ્યું હતું?
91. સિંધુખીણની સંસ્કૃતિની સૌથી વિશિષ્ટ બાબત કઈ હતી?
92. સિંધુખીણની સંસ્કૃતિને શાથી 'નગરપ્રધાન સંસ્કૃતિ' કહી શકાય?
93. સિંધુખીણની સંસ્કૃતિનું ગૌરવ લઈ શકાય એવું વિશિષ્ટ લક્ષણ કયું હતું?
94. એક વિશાળ સ્નાનાગારના અવશેષો કયા નગરમાંથી મળી આવ્યા છે ?
95. સિંધુખીણની સંસ્કૃતિનું નગર આયોજન કેવું હતું?
96. લોથલ સિંધુખીણની સંસ્કૃતિનું મોટું બંદર હશે એમ શાથી કહી શકાય?
97. મોહેં-જો-દડોના સ્નાનકુંડમાં વસ્ત્રો બદલવા કઈ વ્યવસ્થા હતી?
98. મોહેં-જો-દડોના સ્નાનાગારનો ઉપયોગ ક્યારે થતો હતો?


BHAVDIP VADHER

99. હડપ્પા કઈ નદીના કિનારે આવેલું છે ?
100. પુરાતત્વીય સ્થળ હડપ્પા ક્યાં આવેલું છે?
101. હડપ્પા નગરની મુખ્ય વિશેષતા કઈ હતી?
102. હડપ્પા નગરની મુખ્ય વિશેષતા કઈ હતી?
103. હડપ્પીય સભ્યતાનું વેપારી બંદર કયું હતું? તે ક્યાં આવેલું છે?
104. લોથલમાં બંદરનો કયો પુરાવો મળ્યો છે?
105. લોથલમાં મળી આવેલ ધક્કા(Dock Yard)નો કઈ રીતે ઉપયોગ થતો હશે?
106. ધોળાવીરા નગરની મુખ્ય વિશેષતા કઈ હતી ?
107. કયા અવશેષોના આધારે કહી શકાય કે કાલિબંગન હડપ્પીય સભ્યતાનું કૃષિક્રાંતિનું મથક હતું?
108. કાલિબંગનમાં મળી આવેલાં તાંબાનાં ઓજારો કયા ઉપયોગમાં લેવાતાં હતાં?
109. સિંધુખીણની સભ્યતાનું નગર આયોજન કઈ કઈ બાબતોનું અદભુત પ્રતિબિંબ પાડે છે ?
110. સિંધુખીણની સભ્યતાના લોકો મુખ્યત્વે કયા કયા વ્યવસાયો કરતા હતા ?
111. સિંધુખીણની સભ્યતાના લોકોના ખોરાકમાં કઈ વસ્તુઓનો સમાવેશ થતો ?
112. સિંધુખીણની સભ્યતાના લોકોના પોશાકની માહિતી કયા આધારે મળે છે ?
113. સિંધુખીણની સભ્યતાના પુરુષો કેવો પોશાક પહેરતા હતા ?
114. સિંધુખીણની સભ્યતાના લોકો સીવીને કપડાં પહેરતા હશે એવું કયા પુરાવાના આધારે કહી શકાય?
115. સિંધુખીણની સભ્યતાના લોકો શેમાંથી આભૂષણો બનાવતા હતા ?
116. સિંધુખીણની સભ્યતાના લોકો શેમાંથી વાસણો બનાવતા હતા?
117. સિંધુખીણની સભ્યતાના લોકોએ પોતાનાં બાળકો માટે ક્યાં રમકડાં બનાવ્યાં હતાં?
118. હડપ્પીય સભ્યતાના ધર્મજીવન વિશેની માહિતી કયા આધારે મળે છે ?
119. હડપ્પીય સભ્યતાના લોકો કોની કોની પૂજા કરતા હતા?
120. સિંધુખીણની સભ્યતાના કયા લેખિત અવશેષો મળ્યા છે?
121. કચ્છ જિલ્લાનાં હડપ્પીય સભ્યતાનાં સ્થળો જણાવો.
122. હડપ્પીય સભ્યતાનો અંત કેવી રીતે આવ્યો હશે?
123. વેદ કેટલા છે? કયા કયા?
124. ઋગ્વેદમાંથી આર્યોના જીવન વિશે કઈ કઈ માહિતી મળે છે ?
125. ઋગ્વેદમાંથી કઈ કઈ રાજકીય સંસ્થાઓની માહિતી મળે છે?
126. કઈ કઈ વિદૂષીઓએ ઋગ્વેદની ઋચાઓ રચી હતી?
127. ઋગ્વેદમાં દર્શાવેલી સમિતિ કયાં કયાં કાર્યો કરતી હતી?
128. ઋગ્વેદકાલીન અર્થવ્યવસ્થામાં સંપત્તિનો મુખ્ય આધાર કોને ગણવામાં આવતો?

**6 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 6)**

129. હડપ્પીય સભ્યતાના નગરના રસ્તાઓનો પરિચય આપો.
130. ‘હડપ્પીય પ્રજાની સર્જનશક્તિ અને કલાકારીગરી રમકડાંમાં વ્યક્ત થાય છે.' વિધાન સમજાવો.
131. લોથલ વિશે નોંધ લખો.
132. નીચે આપેલ સિંધુખીણ સભ્યતાનાં સ્થળોનું ગુજરાત, ભારત અને પાકિસ્તાન ત્રણે વિસ્તારમાં વર્ગીકરણ કરો : લોથલ, હડપ્પા, આલમગીરપુર, રોપડ, મોહેં-જો-દડો, રંગપુર, રોઝડી, કાલિબંગન
133. હડપ્પીય સભ્યતાનાં સ્ત્રી-પુરુષો કયાં કયાં આભૂષણો પહેરતાં હતાં?
134. ગુજરાતમાંથી હડપ્પીય સભ્યતાનાં કયાં કયાં સ્થળો મળી આવ્યાં છે ?

**7 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 7)**

135. સિંધુખીણની સંસ્કૃતિનાં નગરોનાં મકાનોમાં કઈ કઈ વિશેષતાઓ હતી ?


BHAVDIP VADHER

136. મોહે-જો-દડો અને હડપ્પાના રસ્તાઓ અને શેરીઓ વિશે માહિતી આપો.
137. હડપ્પીય સભ્યતાના લોકોનું આર્થિક જીવન કેવું હતું ?
138. હડપ્પીય સભ્યતાના લોકોના પોશાક વિશે જણાવો.
139. હડપ્પીય સભ્યતાનાં સ્ત્રી-પુરુષો કયાં કયાં આભૂષણો પહેરતાં હતાં?
140. ઋગ્વેદમાંથી આર્યોના સામાજિક જીવન વિશે કઈ માહિતી મળે છે ?
141. ઋગ્વેદના આધારે આર્યોના પશુપાલન વિશે માહિતી આપો.

**8 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 10)**

142. હડપ્પીય સભ્યતાની નગરરચના કેવી હતી?
143. ટૂંક નોંધ લખો : હડપ્પા સભ્યતાના લોકોનું આર્થિક જીવન

## Best Of Luck

BHAVDIP VADHER

# ANSWERS



## 1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 18)

1. કાલિબંગન
2. 10
3. હડપ્પા
4. સંસ્કૃતિ
5. હડપ્પામાંથી
6. અજમેર
7. આયોજનબદ્ધ નગરરચના
8. પૂર્વમાં
9. પૂર્વમાં
10. ઊંચા ઓટલા પર
11. ગટરયોજનાની
12. ગટરના પાણીથી સિંચાઈ કરવામાં આવતી.
13. મોંટગોમરી
14. હડપ્પાને
15. અન્નભંડારો
16. રાવી
17. 12
18. ભોગાવો
19. ધક્કો (Dock Yard)
20. લોથલ
21. ખદીરબેટ
22. ધોળાવીરા
23. રાજસ્થાન
24. ખેતી અને પશુપાલન
25. રમકડાં
26. કાલિબંગન
27. ભાગાતળાવ
28. ઋગ્વેદ
29. ગવેષણા
30. સાવિત્રી
31. સિંધુ
32. 4500
33. મોહેં-જો-દડોનું
34. લોકોના પોશાકની
35. માટીનાં વાસણો બનાવવાની કલા

BHAVDIP VADHER

36. ઋગ્વેદનાં
37. પશુઓ માટે

**2 ખાલી જગ્યા પૂરો** **(Marks - 12)**

38. રાજસ્થાન
39. મોહેં-જો-દડો
40. કચ્છ
41. કિલ્લા
42. કાટખૂણે
43. રાત્રિપ્રકાશ
44. ગટર
45. સ્નાનકુંડ
46. સભાગૃહ
47. ધોળકા
48. બંદર
49. મણકા
50. વરસાદ
51. તાંબા
52. નગર આયોજન
53. ભચાઉ
54. ભચાઉ
55. માતૃકાદેવી
56. રંગપુર
57. રાજકોટ
58. સૂક્ત
59. વૈદિક સંસ્કૃત
60. રાવી
61. ઉષા, અદિતિ
62. ઘોડા

**3 નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 9)**

63. ખોટું (False)
64. ખરું (True)
65. ખોટું (False)
66. ખોટું (False)
67. ખોટું (False)
68. ખોટું (False)
69. ખરું (True)
70. ખરું (True)
71. ખરું (True)
72. ખોટું (False)

BHAVDIP VADHER

73. ખોટું (False)
74. ખરું (True)
75. ખરું (True)
76. ખોટું (False)
77. ખોટું (False)
78. ખરું (True)
79. ખોટું (False)
80. ખોટું (False)

**4 જોડકા જોડો** **(Marks - 6)**

81. (1-4), (2 -1), (3 -2), (4 - 3).
82. (1 -4), (2 - 3), (3 - 1), (4 - 2).
83. (1 -2), (2 - 4), (3-1), (4 - 5).

**5 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 22)**

84. વિશ્વની મહાન સભ્યતાઓનાં દર્શન ઇજિપ્ત, મૈસોપોટેમિયા, ભારત, ચીન, રોમ વગેરેમાં થાય છે.
85. હડપ્પીય સભ્યતાનાં સ્થળોમાં હડપ્પા, મોહેં-જો -દડો, લોથલ, ધોળાવીરા, કાલિબંગન, રાખીગઢી વગેરેનો સમાવેશ થાય છે.
86. હડપ્પીય સભ્યતાના નગરમાં પ્રજાની વસાહત નગરની પૂર્વ દિશા તરફ હતી.
87. હડપ્પીય સભ્યતાના શાસકો નગરની પશ્ચિમે આવેલા કિલ્લામાં રહેતા હતા.
88. હડપ્પીય સભ્યતામાં મકાનો પર અને ભેજથી બચવા ઊંચા ઓટલા પર બાંધવામાં આવતાં..
89. હડપ્પીય સભ્યતાનાં મકાનોની એક વિશેષતા : મકાનનાં દ્વાર મુખ્ય રસ્તા પર પડવાને બદલે અંદરની તરફ શેરીમાં પડતાં.
90. હડપ્પીય સભ્યતામાં શેરીઓનું આયોજન એ રીતે કરવામાં આવેલું હતું કે સમગ્ર નગર ચોરસ અને લંબચોરસ વિભાગોમાં વહેંચાઈ જાય.
91. સિંધુખીણની સંસ્કૃતિની સૌથી વિશિષ્ટ બાબત સુવ્યવસ્થિત અને આયોજિત નગરરચના હતી.
92. સિંધુખીણની સંસ્કૃતિનાં મોહેં-જો-દડો અને હડપ્પા એ - બે મોટાં નગરો હતાં. આથી એ સંસ્કૃતિને 'નગરપ્રધાન સંસ્કૃતિ' કહી શકાય.
93. સિંધુખીણની સંસ્કૃતિનું ગૌરવ લઈ શકાય એવું વિશિષ્ટ લક્ષણ તેની ભૂગર્ભ ગટરયોજના હતી.
94. એક વિશાળ સ્નાનાગારના અવશેષો મોહેં-જો –દડો નગરમાંથી મળી આવ્યા છે.
95. સિંધુ ખીણની સંસ્કૃતિનું નગર આયોજન સુવ્યવસ્થિત, સુસંકલિત અને ઉત્તમ ઇજનેરી કલા-કૌશલ્યવાળું હતું.
96. લોથલના દરિયાકિનારા પરથી મોટી હોડીઓ કે વહાણો બાંધવા માટે અને ઊભાં રાખવા માટેનું એક મોટું લંગર (મોદી) મળી આવ્યું છે. આ પરથી કહી શકાય કે લોથલ સિંધુખીણની સંસ્કૃતિનું મોટું બંદર હશે.
97. મોહેં-જો-દડોના સ્નાનકુંડમાં વસ્ત્રો બદલવા સ્નાનકુંડની ફરતે ઓરડીઓ હતી.
98. મોહેં-જો-દડોના સ્નાનાગારનો ઉપયોગ ઉત્સવ કે ધાર્મિક પ્રસંગોએ કરવામાં આવતો હતો.
99. હડપ્પા પાકિસ્તાનમાં રાવી નદીના કિનારે આવેલું છે.
100. પુરાતત્ત્વીય સ્થળ હડપ્પા હાલ પાકિસ્તાનમાં પંજાબ પ્રાંતના મોંટગોમરી જિલ્લામાં આવેલું છે.
101. હડપ્પા નગરની મુખ્ય વિશેષતા તેના અન્નભંડારો છે.અહીં રાવી નદીના કિનારે 12 જેટલા અન્નભંડારો મળી આવેલા છે.
102. હડપ્પા નગરની મુખ્ય વિશેષતા તેના અન્નભંડારો છે.અહીં રાવી નદીના કિનારે 12 જેટલા અન્નભંડારો મળી આવેલા છે.
103. હડપ્પીય સભ્યતાનું વેપારી બંદર લોથલ હતું. તે અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકામાં ભોગાવો નદીના કિનારે આવેલું છે.
104. લોથલમાં ઈંટોનું બનેલું એક માળખું મળી આવ્યું છે.તેને ધક્કો (Dock Yard) માનવામાં આવે છે, જે લોથલ બંદર હોવાનો પુરાવો છે.
105. લોથલમાં આવતાં વહાણોને લાંગરીને તેમાં માલસામાન ચઢાવવા-ઉતારવાના કામ માટે ધક્કા(Dock Yard)નો ઉપયોગ થતો હશે.

BHAVDIP VADHER

106. ધોળાવીરા નગરની મુખ્ય વિશેષતા વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા અને સ્ટેડિયમ હતી.

107. કાલિબંગનમાં ખેડેલાં ખેતરો અને તાંબાના અવશેષો મળી આવેલ છે. એ પુરવાર કરે છે કે, કાલિબંગન હડપ્પીય સભ્યતાનું કૃષિક્રાંતિનું મુખ્ય મથક હતું.

108. કાલિબંગનમાં મળી આવેલાં તાંબાનાં ઓજારો કૃષિક્ષેત્રે ઉપયોગમાં લેવાતાં હતાં.

109. સિંધુખીણની સભ્યતાનું નગરઆયોજન તે વખતના શાસકવર્ગની શાસનશક્તિ, ઇજનેરોની બુદ્ધિમત્તા અને કારીગરોની કલાશક્તિનું અદ્ભુત પ્રતિબિંબ પાડે છે.

110. સિંધુખીણની સભ્યતાના લોકો મુખ્યત્વે ખેતી, પશુપાલન, વેપાર, હુન્નર ઉદ્યોગ જેવા વ્યવસાયો કરતા હતા.

111. સિંધુખીણની સભ્યતાના લોકોના ખોરાકમાં ઘઉં, જવ, બાજરી, વટાણા, તલ, ખજૂર, દૂધ, દૂધની બનાવટો, માછલી વગેરેનો સમાવેશ થતો.

112. સિંધુખીણની સભ્યતાના લોકોના પોશાકની માહિતી શિલ્પોના આધારે મળે છે.

113. સિંધુ ખીણની સભ્યતાના પુરુષો બે કપડાં પહેરતા હતા : કમરથી નીચેના ભાગમાં ધોતી જેવું વસ્ત્ર અને ઉપરના ભાગમાં ડાબા ખભા પરથી જમણા હાથની નીચે આવે એમ ઉપવસ્ત્ર વીંટતા.

114. આ સમયની મળી આવેલી ધાતુ અને હાથીદાંતની બનેલી સોયના આધારે કહી શકાય કે, સિંધુ ખીણની સભ્યતાના લોકો સીવીને કપડાં પહેરતા હશે.

115. સિંધુખીણની સભ્યતાના લોકો સોના, ચાંદી અને કિંમતી પથ્થરોમાંથી આભૂષણો બનાવતા હતા.

116. સિંધુ ખીણની સભ્યતાના લોકો માટી, તાંબું અને કાસામાંથી વાસણો બનાવતા હતા.

117. સિંધુખીણની સભ્યતાના લોકોએ પોતાનાં બાળકો માટે પંખી આકારની સિસોટીઓ, ઘૂઘરા, ગાડાં, લખોટી તેમજ પશુ,પંખી અને સ્ત્રી-પુરુષ આકારનાં રમકડાં બનાવ્યાં હતાં.

118. હડપ્પીય સભ્યતાના ધર્મજીવન વિશેની માહિતી મૂર્તિ અને મુદ્રાઓના આધારે મળે છે.

119. હડપ્પીય સભ્યતાના લોકો ધરતી, અગ્નિ, વૃક્ષ, પશુ, નાગદેવતા અને સ્વસ્તિકની પૂજા કરતા હતા.

120. સિંધુ ખીણની સભ્યતાના મુદ્રાઓ, મુદ્રિકા,તામ્રપત્રિકાઓ વગેરે લેખિત અવશેષો મળ્યા છે.

121. કચ્છ જિલ્લાનાં હડપ્પીય સભ્યતાનાં સ્થળો દેશલપર, ધોળાવીરા અને સુરકોટડા છે.

122. ધરતીકંપ, પૂર, રોગચાળો કે બાહ્ય આક્રમણના કારણે હડપ્પીય સભ્યતાનો અંત આવ્યો હશે .

123. વેદ ચાર છે : (1) ત્રસ્વેદ ( 2 ) યજુર્વેદ ( 3) સામવેદ અને ( 4 ) અથર્વવેદ,

124. ઋગ્વેદમાંથી આર્યોના રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવન વિશે માહિતી મળે છે.

125. ઋગ્વેદમાંથી ગણ, સભા અને સમિતિ નામની રાજકીય સંસ્થાઓની માહિતી મળે છે.

126. અપાલા, લોપામુદ્રા, ઘોષા જેવી વિદૂષીઓએ ઋગ્વેદની ઋચાઓ રચી હતી.

127. ઋગ્વેદમાં દર્શાવેલી સમિતિ રાજ્યના મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા કરતી હતી તેમજ ન્યાય પણ આપતી હતી. તે રાજાની ચૂંટણી કરતી હતી.

128. ઋગ્વેદકાલીન અર્થવ્યવસ્થામાં પશુઓની સંખ્યાને સંપત્તિનો મુખ્ય આધાર ગણવામાં આવતો.

**6 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 6)**

129. હડપ્પીય સભ્યતાના નગરના રસ્તાઓ સગવડતાવાળા હતા. શહેરના મુખ્ય બે રાજમાર્ગોમાં એક ઉત્તરથી દક્ષિણ અને બીજો પૂર્વથી પશ્ચિમ જાય. અહીં મુખ્ય માર્ગોની સમાંતરે શેરીઓ આવેલી હતી. રસ્તાઓ એકબીજાને કાટખૂણે મળતા હતા. આખું નગર ચોરસ અને લંબચોરસ વિભાગોમાં વહેંચાઈ જાય, એ રીતે રસ્તા અને શેરીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર રસ્તાઓ પર રાત્રિ પ્રકાશની વ્યવસ્થા હતી.

130. હડપ્પીય સભ્યતાના અવશેષોમાં રમકડાં મળી આવ્યાં છે. તે દશવિ છે કે આ સમયના લોકો બાળપ્રેમી હતા. સિંધુખીણની સભ્યતાના લોકોએ પોતાનાં બાળકો માટે વિવિધ પ્રકારનાં રમકડાં બનાવ્યાં હતાં. તેમાં પંખી આકારની સિસોટીઓ, ઘુઘરા, ગાડાં, લખોટી, પશુ, પંખી અને સ્ત્રી-પુરુષ આકારનાં રમકડાં, માથું હલાવતું પ્રાણી અને ઝાડ પર ચઢતા વાનરની કરામત દર્શાવતાં રમકડાં મુખ્ય છે. આ પરથી કહી શકાય કે, હડપ્પીય પ્રજાની સર્જનશક્તિ અને કલાકારીગરી રમકડાંમાં વ્યક્ત થાય છે.

BHAVDIP VADHER

131. લોથલ અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકામાં ભોગાવો નદીના કિનારે આવેલું છે. તે પ્રાચીન સમયમાં એક વેપારી બંદર અને ઔદ્યોગિક નગર હતું. અહીંથી એક માળખું મળી આવ્યું છે.તેને ધક્કો (Dock Yard) માનવામાં આવે છે. અહીં આવતાં વહાણોને ભરતીના સમયે લાંગરીને માલસામાનને ચઢાવવા-ઉતારવાના ઉપયોગમાં તે આવતો હશે એવું માની શકાય. આ ઉપરાંત, લોથલમાંથી વખારો અને મણકા બનાવવાની ફેક્ટરી પણ મળી આવી છે. આ બધા અવશેષો દર્શાવે છે કે, લોથલ સિંધુખીણની સંસ્કૃતિનું સમૃદ્ધ શહેર, અગત્યનું આંતરરાષ્ટ્રીય બંદર અને વેપારીમથક હતું.

132. ગુજરાત : (1) લોથલ ( 2) રંગપુર (3) રોઝડી ભારત : (1) રોપડ (2) કાલિબંગન (3) આલમગીરપુર પાકિસ્તાન : (1) હડપ્પા (2) મોહેં-જો-દડો

133. હડપ્પીય સભ્યતાનાં સ્ત્રી-પુરુષો બંને કંઠહાર (ગળાનો હાર), હાથમાં વીંટી અને કાંડાંમાં કડાં પહેરતાં. સ્ત્રીઓ મોટા ભાગે હાથમાં બંગડીઓ, કાનમાં કુંડળ, કેડમાં કંદોરો અને પગમાં ઝાંઝર જેવાં આભૂષણો પહેરતી હતી. આ આભૂષણો સોના, ચાંદી અને કિંમતી પથ્થરોમાંથી બનાવવામાં આવતાં હતાં.

134. ગુજરાતમાંથી હડપ્પીય સભ્યતાનાં મળી આવેલાં સ્થળોમાં જામનગર જિલ્લામાં લાખાબાવળ અને આમરા, ભરૂચ જિલ્લામાં કિમનદીના કિનારે ભાગાતળાવ, કચ્છ જિલ્લામાં દેશલપર, સૂર કોટડા અને ધોળાવીરા, સુરેન્દ્રનગર જિલ્લામાં રંગપુર, અમદાવાદ જિલ્લામાં લોથલ અને રાજકોટ જિલ્લામાં રોઝડી(શ્રીનાથગઢ)નો સમાવેશ થાય છે.

**7 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 7)**

135. સિંધુખીણની સંસ્કૃતિનાં નગરોનાં મકાનોની વિશેષતાઓ : (1) નદીના પૂરથી બચવા માટે લોકો પોતાનાં મકાનો ઊંચા ઓટલા ઉપર બાંધતા. (2) શ્રીમંતોનાં મકાનો બે માળનાં હતાં. (3) મકાનોના દરવાજા મુખ્ય રસ્તા પર પડવાને બદલે નાની શેરીઓમાં પડતા. (4) દરેક મકાનમાં પાણીનો કુવો, સ્નાનગૃહ, ગંદા પાણીના નિકાલ માટે ગટરી, રસોડું, શૌચાલય વગેરેની આધુનિક અને સુંદર વ્યવસ્થા હતી.ખરેખર, આ સંસ્કૃતિનાં નગરો નગર આયોજનની દૃષ્ટિએ શ્રેષ્ઠ નગરો હતાં.

136. મોહેં-જો -દડો અને હડપ્પાના મુખ્ય રસ્તાઓ, તેમને જોડતા નાના રસ્તાઓ અને શેરીઓ ઘણાં વ્યવસ્થિત અને એકબીજાની સાથે જોડાયેલા હતા. મુખ્ય રસ્તાઓ નગરની મધ્યમાં એકબીજાને કાટખૂણે કાપતા હતા અને સીધી રેખામાં જતા હતા.રસ્તો અને શેરીઓનું આયોજન એવી રીતે કરવામાં આવ્યું હતું કે સમગ્ર નગર ચોરસ કે લંબચોરસ વિભાગોમાં વહેંચાઈ જાય.જાહેર રસ્તાઓ પર રાત્રિ પ્રકાશની વ્યવસ્થા કરવામાં આવી હતી. ખરેખર, મોહેં-જો -દડો અને હડપ્પાના રસ્તાઓ અને શેરીઓ સુવિધાજનક હતાં.

137. હડપ્પીય સભ્યતાના લોકોનું આર્થિક જીવન મોટા ભાગે ખેતી અને પશુપાલન ઉપર આધારિત હતું. લોકો ખેતી, પશુપાલન અને હુન્નર ઉદ્યોગ જેવા વ્યવસાયો સાથે જોડાયેલા હતા. ઘઉં,જવ, બાજરી, તલ, સરસવ જેવા પાકોની ખેતી કરવામાં આવતી . આ સમયે હડપ્પાનું સુતરાઉ કાપડ ખૂબ જ મશહુર હતું. તેની મૈસોપોટેમિયા અને ઇજિપ્ત સુધી નિકાસ થતી હતી. આથી એમ કહી શકાય કે, આ સમયે આંતરરાષ્ટ્રીય વેપાર થતો હશે. ખરેખર, હડપ્પા સભ્યતાનું આર્થિક જીવન ખેતી, વેપાર, પશુપાલન, માટીકામ, ધાતુકામ, શિલ્પકલા જેવા વ્યવસાયો પર નિર્ભર હતું.

138. હડપ્પીય સભ્યતાનાં શિલ્પોને આધારે લોકોના પોશાક વિશે માહિતી મળે છે. લોકો પોશાક બનાવવા માટે સુતરાઉ કાપડ અને ઊનનો ઉપયોગ કરતા. અહીંનાં સ્ત્રી-પુરુષો બે કપડાં પહેરતાં. પુરુષો કમરથી નીચેના ભાગમાં ધોતી જેવું વસ્ત્ર પહેરતા અને ઉપરના ભાગમાં ડાબા ખભા પરથી જમણા હાથની નીચે આવે એ રીતે ઉપવસ્ત્ર વીંટતા. અહીંથી ધાતુ અને હાથીદાંતમાંથી બનેલી સોય મળી હોવાથી એવું અનુમાન કરી શકાય કે, આ સમયે ' લોકો સીવેલાં કપડાં પહેરતો હોવા જોઈએ. આમ છતાં, હડપ્પીય સભ્યતાના મોટા ભાગના લોકો સીવ્યા વિનાનાં કપડાં પહેરતા હતા.

139. હડપ્પીય સભ્યતાનાં સ્ત્રી-પુરુષો બંને કંઠહાર (ગળાનો હાર), હાથમાં વીંટી અને કાંડાંમાં કડાં પહેરતાં. સ્ત્રીઓ મોટા ભાગે હાથમાં બંગડીઓ, કાનમાં કુંડળ, કેડમાં કંદોરો અને પગમાં ઝાંઝર જેવાં આભૂષણો પહેરતી હતી. આ આભૂષણો સોના, ચાંદી અને કિંમતી પથ્થરોમાંથી બનાવવામાં આવતાં હતાં.

140. ઋગ્વેદમાંથી મળેલી માહિતી મુજબ એ સમયે સમાજનું એકમ કુટુંબ હતું.. સમાજમાં પિતૃપ્રધાન અને સંયુક્ત કુટુંબવ્યવસ્થા હતી. સમાજમાં જ્ઞાતિ કે વર્ણના ભેદભાવ ન હતા, સમાજમાં સૌસમાન હતાં. ઊંચનીચના ભેદભાવ ન હતા. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન બહુ જ ઊંચું હતું. સ્ત્રીઓને સહધર્મચારિણી ગણવામાં આવતી. યજ્ઞમાં તેમની હાજરી જરૂરી મનાતી. સ્ત્રીઓ અભ્યાસ કરી શકતી. એ સમયની લોપામુદ્રા, અપાલા અને ઘોષા જેવી. વિદુષીઓએ ત્રસ્વેદની ઋચાઓ પણ રચી હતી. આ સમયે કન્યા પુખ્ત ઉંમરની થાય ત્યારે જ તેનાં લગ્ન કરવામાં આવતાં.

141. ઋગ્વેદમાં ઘણી જગ્યાએ ગાય, ઘોડા અને બળદના ઉલ્લેખો થયેલા છે. એ સમયે અન્ય પશુઓની સરખામણીમાં ઘોડાનું વધુ મહત્ત્વ હતું, જે તેમના જીવનમાં પશુપાલનનું મહત્ત્વ દર્શાવે છે. આ સમયે પશુપાલન મોટા પાયે અને સામૂહિક ધોરણે થતું હતું. જેની પાસે પશુઓની સંખ્યા વધારે હોય તેને સૌથી વધારે સમૃદ્ધ-સંપત્તિવાન ગણવામાં આવતો. કબિલાઈ જીવન જીવતા લોકો પશુઓ માટે યુદ્ધ પણ કરતા હતા.

BHAVDIP VADHER

8 નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો (Marks - 10)

142. હડપ્પીય સભ્યતાની નગરરચના આયોજનબદ્ધ અને સુવ્યવસ્થિત હતી. તેની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે : (1) નગરોની રચના એકસમાન હતી. ( 2 ) તમામ સ્થળોએ પૂર્વ દિશાએ સામાન્ય પ્રજાની વસાહત હતી અને પશ્ચિમ દિશાએ કિલ્લો હતો. કિલ્લાની ફરતે કોટ હતો. ( 3 ) મકાનની રચનામાં મોટા ભાગે ઈંટો વપરાતી હતી. ( 4 ) મકાનો પૂર અને ભેજથી બચવા ઊંચા ઓટલા ઉપર બાંધવામાં આવતાં . ( 5 ) રસ્તાઓ સુવિધાજનક અને એકબીજાને કાટખૂણે મળતા હતા . ( 6 ) મકાનના દરવાજા મુખ્ય રસ્તા પર પડવાને બદલે અંદરની તરફ શેરીમાં પડતા હતા. (7) શેરીઓનું આયોજન એવી રીતે કરવામાં આવ્યું હતું કે સમગ્ર નગર ચોરસ અને લંબચોરસમાં વહેંચાયેલું હતું. (8) નગરમાં વપરાશના પાણીના તેમજ ગંદા પાણીના નિકાલ માટે ગટરયોજના હતી.. (9) ઉત્સવ કે ધાર્મિક પ્રસંગોએ સ્નાન કરવા માટે જાહેર સ્નાનાગારો હતાં. (10) નગરમાં સભાગૃહની વ્યવસ્થા હતી.

143. હડપ્પીય સભ્યતાના લોકોનું આર્થિક જીવન મોટા ભાગે ખેતી અને પશુપાલન ઉપર આધારિત હતું. લોકો ખેતી, પશુપાલન અને હુન્નર ઉદ્યોગ જેવા વ્યવસાયો સાથે જોડાયેલા હતા. ઘઉં,જવ, બાજરી, તલ, સરસવ જેવા પાકોની ખેતી કરવામાં આવતી . આ સમયે હડપ્પાનું સુતરાઉ કાપડ ખૂબ જ મશહુર હતું. તેની મૈસોપોટેમિયા અને ઇજિપ્ત સુધી નિકાસ થતી હતી. આથી એમ કહી શકાય કે, આ સમયે આંતરરાષ્ટ્રીય વેપાર થતો હશે. ખરેખર, હડપ્પા સભ્યતાનું આર્થિક જીવન ખેતી, વેપાર, પશુપાલન, માટીકામ, ધાતુકામ, શિલ્પકલા જેવા વ્યવસાયો પર નિર્ભર હતું.

BHAVDIP VADHER